


facebook.com/GujaratmitraLIVE
twitter.com/GujaratmitraLIVE


ચિંતન એન્ડ ફ્રેન્ડ્સ, નાંદરખા


ચિંતન પટેલ, કેસલી


જીતેન પટેલ , પારડી


ભાવિન પટેલ, ડુંગરી, વલસાડ


મિતુલ રાણા, ગણદેવી


મોનીલ એન્ડ ફ્રેન્ડસ, ગણદેવી


મોન્ટુ પટેલ, ચીખલી


હિરલ પટેલ, ઘેકટી, ચીખલી

**પરેશાની : મૂંગા જાનવરોની વેદના અધિકારીઓને ક્યારે સમજાશે**

# વાંસદા તાલુકામાં પશુ આરોગ્ય કેન્દ્રને જ સારવારની જરૂર

**સ્ટાફના** અભાવે પશુ દવાખાનાઓ મૃત:પાય અવસ્થામાં

સુરત : નવસારી જિલ્લા પંચાયત સંચાલિત વાંસદા તાલુકામાં પશુ દવાખાનાઓ પણ પૂરતા સ્ટાફના અભાવે મૃતપાય અવસ્થામાં ચાલતા હોવાની ચોંકાવનારી માહિતી સાંપડી છે.

વાંસદા તાલુકામાં પાલતુ પશુઓના આરોગ્ય માટે સરકારી પશુ ચિકિત્સલયો તો બનાવવામાં આવ્યા છે. પરંતુ આ પશુ ચિકિત્સલયોને યોગ્ય રીતે ચલાવવા માટે પૂરતા સ્ટાફ તેમજ પ્રાથમિક પશુ આરોગ્ય કેન્દ્ર માટે પણ સ્ટાફ તથા મોટેભાગના પશુ દવાખાનાઓની જ સારવાર કરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

તાલુકામા ચાર પશુ ચિકિત્સાલય અને પાંચ પ્રાથમિક પશુ ચિકિત્સલય આવેલા છે. જેમાં વાંસદા અને વાંદરવેલના પશુચિકિત્સલયમાં પશુ ચિકિત્સક અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે બારતાંડ અને લીમઝર પશુચિકિત્સલયમાં પશુ ચિકિત્સક અધિકારી ચાર્જમાં રાખી ગાડું ગબડાવાય છે. તો અકલાશ, કંબોયા, બોરીયાછ, ઉનાઈ અને મહુવાસ આ પ્રાથમિક પશુચિકિત્સલયની અતિમહત્વની જગ્યાએ પાંચ પશુધન નિરીક્ષકની જગ્યાએ બે જ પશુધન નિરીક્ષક ફરજ બજાવે છે. તો અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે તમામ ડ્રેસરની જગ્યા ખાલી જ છે. તો ત્રણ પટાવાળાની નિમણુંક કરવામાં આવી છે તો છ પટાવાળાની જગ્યા પણ ખાલી છે. તાલુકાના ગામોમાં આદિવાસી વસ્તી ધરાવતા લોકો રહેતા હોય અને તેમનો મુખ્ય વ્યવસાય પશુપાલન હોય ત્યારે સુવિધાના અભાવે લોકોએ સમય અને રૂપિયા ખર્ચીને પણ હેરાન થવું પડે છે. ત્યારે મૂંગા જાનવરોની વેદના આ વહીવટીતંત્રના અધિકારીઓને ક્યારે સમજાશે એ જોવું રહ્યું.



### વિધાનસભામાં રજૂઆત કરી, પરંતુ પગલાં લેવાયા નથી

**વાંસદા** તાલુકા સહિત જિલ્લાના તમામ તાલુકાના પશુ દવાખાનાની મૃતપાય આવસ્થાની હાલત માટે વિધાનસભા ઉગ્ર રજુઆત કરી છે. પરંતુ હજી સુધી સરકાર દ્વારા કોઈ સુધારાના પગલાં લેવામાં આવ્યા નથી. પશુ આરોગ્ય કેન્દ્ર આ વિસ્તારના આદિવાસી પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે પરંતુ તે બાબતે ગભીરતા દાખવવામાં આવે તો ને? - અનંત પટેલ, ધારાસભ્ય. વાંસદા

### લોકોના સમય અને નાણાંની બચત થશે

**આ પશુદવાખાઓને** યોગ્ય રીતે ચાલવવામાં આવે તો આ વિસ્તારના પશુપાલકો માટે તે આશીર્વાદરૂપ સાબિત થશે. યોગ્ય અને સમયસર સારવારની સાથે લોકોની સમય અને રૂપિયાની બચત થશે.- વલ્લભભાઈ પટેલ, પાલગભણ

### મોટે ભાગના પશુ આરોગ્ય કેન્દ્રમાં ભૌતિક સુવિધાનો અભાવ

**વાંસદા** તાલુકાના ઉનાઈ સહિતના મોટે ભાગના પશુઆરોગ્ય કેન્દ્રમાં સ્ટાફની વાત તો દૂર પરંતુ પાયાની જરૂરિયાત એવી ભૌતિક સુવિધાનો સદતર અભાવ છે. મોટેભાગના પશુ આરોગ્ય કેન્દ્રના મકાનો જર્જરિત થઈ ગયા હોય બિનઉપયોગી બની જતા ખભાતી તાળા લટકતા જોવા મળી રહ્યા છે. ત્યારે પ્રારંભિક તબક્કામાં આ પશુ આરોગ્યકેન્દ્ર માટે ભૌતિક સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તેવી આવશ્યકતા વર્તાય રહી છે.

# ચીખલીમાં ગણેશ વિસર્જન માટે તંત્ર સજજ, કર્મચારીઓનો કાફલો ખડકાયો

**ડીવાયએસપી,** પીઆઇ, બોર્ડર વિંગના જવાનો સહિત ૩૩૯ નો સ્ટાફ બંદોબસ્ત જાળવશે

ઘેજ: ચીખલીની કાવેરી નદીમાં ચીખલી ઉપરાંત સમરોલી, થાલા, ખૂંધ, સાદકપોર, ગોલવાડ સહિતના ગામોના ગણેશ મંડળો દ્વારા મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. કાવેરી નદીના રિવરફ્રન્ટ ખાતે લોકોની સલામતી માટે બેરીકેટ બાંધી ગ્રામ પંચાયત દ્વારા લાઇટની વ્યવસ્થા કરવામાં આવી છે. દર વર્ષની જેમ વીએચપી અને બજરંગ દળ મૂર્તિઓના વિસર્જન માટે મદદરૂપ થશે.

ચીખલી પોલીસ દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જન પાર પડે તે માટે મંડળોને સમયસર શોભાયાત્રા કાઢવા માટે સુચના આપવામાં આવી છે. વિસર્જન દરમ્યાન ડીવાયએસપી, પીઆઇ ઉપરાંત બે પીએસઆઇ પોલીસના 50 જવાનો, 275 હોમગાર્ડઝ ઉપરાંત બોર્ડર વિંગના ૧૦ જવાનો મળી કુલ ૩૩૯નો સ્ટાફ ખડેપગે તૈનાત રહી બંદોબસ્ત જાળવશે.ચીખલીમાં વિવિધ ગણેશ મંડળોના ૨૫૦ પોલીસ મિત્રોને પોલીસ દ્વારા ટી-શર્ટ આપવામાં આવી છે. આ ટી-શર્ટની પોલીસમિત્ર તરીકેની ઓળખ સાથે વિસર્જન યાત્રા સુપેરે પાર પડે તેમાં પોલીસને મદદરૂપ થશે. ચીખલી તથા આસપાસના ગામોમાં વધુ ઊંચાઇવાળી ૧૭ મૂર્તિઓ છે. આ વધુ ઊંચાઇવાળી મૂર્તિઓને કાવેરી નદીના ગોલવાડ સ્થિત જૂના પુલ પરથી ક્રેઇન મારફતે વિસર્જિત કરાશે. જયારે બાકીની મૂર્તિઓનું રિવરફ્રન્ટ પાસે કાવેરી નદીમાં વિસર્જન કરાશે. ચીખલીના પીઆઇ ડી.કે. પટેલના જણાવ્યાનુસાર ગણેશ મંડળોને કોઇ તકલીફ ન પડે તે રીતે આયોજન કરાયું છે. અને આયોજકો સાથે બેઠક યોજી જરૂરી સુચના પણ આપવામાં આવી છે.



**વલસાડ: વલસાડ શહેરમાં ગુરૂવારના રોજ અનંત ચૌદસના દિને ૫૦૦થી વધુ મંડળો દ્વારા ગણપતિ બાપાનું વિસર્જન કરવામાં આવશે. જે માટે વલસાડ ઔરંગા નદી કિનારે વહીવટ તંત્ર દ્વારા કૃત્રિમ તળાવ પણ બનાવવામાં આવ્યું છે.**

### આજે વાંસદાની કાવેરી નદીમાં ધાર્મિક માહોલમાં ગણેશ વિસર્જન

વાંસદા : વાંસદા તાલુકામાં આજે ગામે ગામ ગણેશ વિસર્જન માટે ગણેશ મંડળો દ્વારા વાહનો સજાવી ગણપતિની મૂર્તિને બેસાડી શુભ મુહૂર્તમાં મુખ્ય માર્ગો ઉપર ડીજે અને ઢોલ નગારા સાથે ભાવિકો નીકળશે. આ શોભાયાત્રા ખાભલાઝાંપા, માછીવાડ, દશેરપાટી થઈ મુખ્ય માર્ગથી રાજરાજેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલી કાવેરી નદી માં સામુહિક પૂજા અર્ચના કર્યા બાદ વિસર્જન કરવામાં આવશે. જ્યાં ગ્રામ પંચાયત દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં મામલતદાર, અગ્રણીઓ, સરપંચ, સભ્યો સહિત એક ડી.વાય.એસ.પી., એક પી.આઇ., ચાર પી.એસ.આઇ. સહિત પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે. વિસર્જન દરમિયાન તાલુકા પંચાયત કચેરીથી મોટા વાહનો માટે ગામમા પ્રવેશબંધી કરવામાં આવી છે.

### ડાંગના નડગખાદીમાં દસ દિવસીય ગૌરી ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન

સાપુતારા : ડાંગ જિલ્લાના નડગખાદી ગામે દસ દિવસીય ગૌરી ગણેશજીની પ્રતિમાઓનું આસ્થાપૂર્વક વિસર્જન કરાયું હતું. ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં સમાવિષ્ટ નડગખાદી ગામે સાઇ યુવક મંડળનાં ભક્તજનોએ બુધવારે દસ દિવસીય સ્થાપિત ગૌરી ગણેશજીની પ્રતિમાઓનું ખાપરી નદીમાં ડીજેનાં તાલ સાથે ભક્તિમય માહોલમાં વિસર્જન કરાયું હતું. આ ગામમાં ગૌરી ગણેશજીની પ્રતિમાઓનાં વિસર્જન વેળાએ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાઇ યુવક મંડળ દ્વારા પૂરતી તકેદારી રખાતા અહી શ્રીજીનું વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં થયું હતું.



# ટેમ્પોની ટક્કરથી બીલીમોરા રેલવે ફાટક તૂટી

બીલીમોરા : બીલીમોરા રેલવે ક્રોસિંગ નંબર ૧૦૮ ફાટકનો પશ્ચિમ તરફનો ભાગ ટેમ્પોએ તોડી નાખતા અંદાજીત પાંચ કલાક સુધી રેલવે ક્રોસિંગ બંધ રહેતા વાહન વ્યવહાર અટકી પડ્યો હતો. તાબડતોબ આરપીએફ પોલીસે સ્થળ ઉપર પહોંચી જઈને સ્થિતિને સંભાળી લીધી હતી અને ફાટક તોડનાર ટેમ્પોચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. જો કે પાંચ કલાકની મહેનત બાદ તૂટેલી ફાટકને રીપેર કરાતા ફરી પાછો રાબેતા મુજબનો ટ્રાફિક શરૂ થઈ જતા ટ્રાફિકનું ભારણ ઓછું થયું હતું.

# ડાંગના માર્ગો પર ટેમ્પો અને કાર પલટ્યા







સાપુતારા : ડાંગ જિલ્લાનાં રાજય ધોરીમાર્ગોનાં બે સ્થળોમાં સાકરપાતળ નજીક અશોક લેલન ટેમ્પો પલ્ટી મારી ગયો, જ્યારે ધૂળચોંડ ગામ નજીક સ્વિફ્ટ મારૂતિ કાર પલ્ટી મારી જતા ગંભીર અકસ્માત સર્જાયા હતા.

ગતરોજ રાત્રે વડોદરાથી ખાલી બોટલનો જથ્થો ભરી નાશીક જતો ટેમ્પો સાકરપાતળ નજીક સામેથી આવી રહેલા વાહનનાં લાઈટનાં પ્રકાશથી અંજાઈ જતા ચાલકે સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવતા ડિવાઈડર સાથે ભટકાઈને પલટી ખાલી બોટલનાં જથ્થામાં તૂટફુટ થતા નુકસાન થયુ હતુ, અને ચાલક, ક્લીનરને ઈજાઓ પહોચતા પી.એચ.સી ખસેડાયા હતા. જ્યારે બીજા બનાવમાં ધૂળચોંડ નજીક સ્વીફ્ટ મારૂતિ કાર.ન.જી.જે.26. એન.2201નાં ચાલકે પણ સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવતા કાર પલટી જતા કારનો ખુરદો બોલી જવા સાથે સવાર બે ઈસમોને ઈજાઓ પહોચી હતી.

# વાપી સ્ટેશને દેવધાના યુવાને ટ્રેન નીચે પડતું મૂકયું

વાપી : વાપીની એક કંપનીમાં કામ કરતો અને ગણદેવીના દેવધા ગામે રહેતો 44 વર્ષીય યુવાને મંગળવારે સાંજે વાપી રેલવે સ્ટેશન પર સુરત તરફથી આવી રહેલી એક સુપર ફાસ્ટ ટ્રેન નીચે પડતુ મૂકી આપઘાત કર્યો હતો. જે અંગે વાપી રેલવે સ્ટેશને નોંધ કરી પોલીસ વધુ તપાસ કરી રહી છે. મળતી માહિતી મુજબ, ગણદેવીના દેવધા ગામે ભંડારવાડ ફળિયામાં રહેતો 44 વર્ષીય કલ્પેશ મગન ભંડારી મંગળવારે નિત્યક્રમ મુજબ સવારે વાપીની કંપનીમાં કામ અર્થે આવેલો હતો. સાંજે કંપનીમાંથી છૂટયા બાદ કલ્પેશ ભંડારી વાપી રેલવે સ્ટેશનના દક્ષિણે અપલાઈન ઉપર પૂરઝડપે પસાર થતી ભાવનગર કોચીવલી એક્સપ્રેસ ટ્રેન નીચે પડતુ મૂકી મોતને વ્હાલુ કર્યુ હતું. કલ્પેશે કયા કારણોસર ટ્રેન નીચે પડતુ મૂકયુ તે અંગે જાણી શકાયુ નથી. આ બનાવની નોંધ વાપી રેલવે સ્ટેશને પોલીસ ડાયરીમાં થતાં વધુ તપાસ હે.કો. મહંમદ હનિફ યુસુફ કરી રહ્યા છે.

# સેલવાસના મસાટમાંથી દેહવ્યાપારનો ગોરખ ધંધો પકડાયો, બે લલનાની ધરપકડ

સુરત : દાદરા નગર હવેલીના મસાટ પાદરીપાડામાં દેહવ્યાપારનો ધંધો ચાલતો હોવાની બાતમી પોલીસને મળતા સેલવાસ પોલીસના ઈન્ચાર્જ કે.બી.મહાજન અને એમની ટીમે રેડ પાડી હતી, મસાટ પાદરીપાડા ખાતે પિતૃ આશિષ એપાર્ટમેન્ટના માલિક જયેશ પરમાર પાસે રામપ્રસાદ જયરામ ચૌધરી (મુળ રહે, ભીમાપુર, નેપાળ)એ ઘર ભાડે લીધું હતું, જેમાં વેસ્ટ બેંગાલની બે મહિલાઓ પાસે દેહવ્યાપારનો ધંધો કરાવવામાં આવતો હતો, પોલીસની ટીમે બે મહિલાઓને પકડી પૂછપરછમાં તેમણે કબુલ્યું હતુ કે અમારી પાસે ગેરકાયદે કામ કરાવવામાં આવે છે. તે સમયે આરોપી સ્થળ પર હાજર ન હતો, આ ઘટના અંગેની ફરિયાદ સેલવાસના ઈન્ચાર્જ કે.બી. મહાજને નોંધાવી ગુનો નોંધી બે મહિલાની ધરપકડ કરી મુખ્ય આરોપીને ઝડપી પાડવા વધુ તપાસ કરી રહી છે.

# સેલવાસના ડોકમરડી સહજાનંદ પાર્કના મંદિરમાં ચોરી

**ભગવાનની** મૂર્તિ, યંત્ર દાનપેટીમાંથી રોકડ રકમ ચોરાઇ

સેલવાસ : સેલવાસના ડોકમરડી વિસ્તારમાં આવેલા સહજાનંદ પાર્કમાં મહાવીર ભગવાનના મંદિરમાં મોડી રાત્રે ચોરી થઈ હતી. ફરિયાદી દીપકભાઈ પટેલના જણાવ્યા અનુસાર સોમવારે રાત્રે 10 વાગ્યે મંદિરના ગર્ભગૃહના દરવાજાને તાળું મારવામાં આવ્યું હતું. સવારે જ્યારે પુજા માટે મંદિરમાં જઈ રહ્યા હતા ત્યારે મંદિરના દરવાજાનું તાળું તુટેલી હાલતમાં હતું. અંદર મુકવામાં આવેલી શ્રી શાંતિનાથ ભગવાનની પંચધાતુની મુર્તિ તેમજ બે સિદ્ધ કરવામાં આવેલા યંત્ર, ભંડાર પેટી પર લગાવવામાં આવેલ જર્મન સીલ્વરનું કવર અને ભંડારપેટીમાંથી અંદાજીત 5 હજાર રોકડા ચોરાઈ ગયા હત. આ ઘટના અંગે સેલવાસ પોલીસને જાણ કરતા પોલીસ ટીમં પહોંચી ઘટના અંગેની જાણકારી મેળવી હતી. સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ફરિયાદ નોંધી વધુ તપાસ સેલવાસ પોલીસ કરી રહી છે.

**રસ્તા બિસ્માર** | **જો તમારે ચાલું વાહને ડિસ્કો કરવો હોય તો વલસાડ આવો**

# વલસાડના તમામ માર્ગો ચંદ્રની સપાટી જેવા

**ચોમાસામાં** પડેલા ભારે વરસાદે તંત્રની કામગીરીની પોલ ખોલી દીધી

**રસ્તામાં** ખાડા, કે ખાડામાં રસ્તા તે ખબર નહીં પડતાં લોકો પરેશાન

વલસાડ : વલસાડમાં ચોમાસા પહેલાં જ લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલા તમામ રસ્તાઓ ભારે વરસાદથી ધોવાઈ જતાં રસ્તાઓની હાલત જાણે ચંદ્રની સપાટી હોય એવી બની ગઈ છે. ઉબડ ખાબડ રસ્તાઓ પરથી પસાર થતાં રાહદારીઓ અને ખાસ કરી દ્વીચક્રી વાહનચાલકોની હાલત કફોડી બની ગઈ છે. શહેરભરના રસ્તાઓ ધોવાઈ જતાં શહેરીજનોમાં તંત્ર પ્રત્યે ભારે નારાજગી ફેલાઈ છે. રસ્તામાં ખાડાં છે, કે ખાડાંમા રસ્તા છે તે ખબર નથી પડતી. જેનાથી લોકો હેરાન પરેશાન થઈ ગયા છે.



વલસાડ શહેરમાં દર ચોમાસે ભારે વરસાદના કારણે મુખ્ય માર્ગો ધોવાઈ જાય છે. છતાં નગર પાલિકા અને માર્ગ મકાન વિભાગ ચોમાસાના સમયે જ રસ્તા બનાવે છે. શરૂઆતના વરસાદથી જ ડામર ધોવાઈ જાય છે. વલસાડના અબ્રામા ધરમપુર રોડ, શાકભાજી માર્કેટ રોડ, એમજીરોડ, આઝાદચોકથી નાના તાઈવાડ શહીદ ચોક જતો રોડ, સહિતના તમામ રસ્તાઓની હાલત બદતર બની ગઈ છે. વાહન ચાલકોએ કયા રસ્તા પરથી પસાર થઈ વાહન ચલાવવું તે કંઈ સમજાતું નથી. હાલમાં શહેરભરમાં ગણેશ મહોત્સવ ધૂમધામથી ઉજવાઈ રહ્યો છે. વિસર્જન સમયે આવા ઉબડ ખાબડ રસ્તા પરથી ગણપતિ બાપાએ પસાર થવું પડશે, ભક્તો માટે આ કેટલું અપમાનજનક કહેવાય. શહેરના પોશ વિસ્તાર ગણાતા તિથલ રોડ અને હાલર રોડની દશા પણ બેહાલ થઈ ગઈ છે. શહેરના ખખડી ગયેલા તમામ રસ્તાઓની મરામત તંત્ર દ્વારા જલ્દી હાથ ધરાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

### 3 વખત રિકાર્પેટિંગ છતાં એની એ જ હાલત

**જલારામ મંદિર** પાસે સીટી પોલીસ મથકનો રસ્તો ભાર વરસાદથી તદ્દન ધોવાઈ ગયો છે. તંત્ર પોતાની ભૂલ કહો કે લાપરવાહી છુપાવવા 3 થી 4 વખત રસ્તાનું રિકાર્પેટીંગ કર્યું છતાં હાલત તો એની એજ રહી ગઈ છે. આ રસ્તા પર કલેક્ટર કચેરી નવી અને જૂની, જિલ્લા પંચાયત, માર્ગ-મકાન કચેરી સહિતની કેટલીય સરકારી કચેરીઓ આવેલી છે. આ તમામ કચેરીના ઉચ્ચ અધિકારીઓ આ રસ્તા પરથી પસાર થવા છતાં કોઈના પેટનું પાણી કેમ હાલતું નથી, તે પ્રશ્ન શહેરીજનોને ખૂંચી રહ્યો છે. મંગળવારે બપોરે ચાલુ વરસાદમાં જ બૂલડોઝર ફેરવી ફરીવાર તંત્ર આ રસ્તાની મરામત કરવા મઝબૂર બન્યું છે. શું આમાં કોઈ સુધારો આવશે, કે કેમ તે જોવું રહ્યું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

૧૦ | ગુરુવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ | નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વલસાડ : ૮૯૯૯૮૩૩૩૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫ | સેલવાસ : ૯૮૨૫૪૮૭૬૬૪

## સંક્ષિપ્ત સમાચાર

### દમણ એબીવીપી દ્વારા વિદ્યાર્થી સંઘની ચૂંટણી યોજવા માંગ



દમણ: સંઘપ્રદેશ દમણ એબીવીપી દ્વારા વિદ્યાર્થીસંઘની ચૂંટણીઓ વિવિધ કોલેજોમાં જલ્દીથી યોજવા અંગેની માંગ કરી કોલેજના આચાર્યને મળી આવેદનપત્ર પાઠવ્યું છે. એબીવીપી દમણના છાત્રો દ્વારા જણાવાયું છે કે, યુનિવર્સિટીના કુલપતિઓ દ્વારા હજી સુધી છાત્રસંઘની ચૂંટણીની ઘોષણા કરાઈ નથી. કેમ્પસમાં ભણતા તમામ બાળકોને લોકતંત્ર અંતર્ગત પોતાના અધિકારનો ઉપયોગ કરવા તથા કેમ્પસના પ્રતિનિધિને ચૂંટવાનો અધિકાર હોય ત્યારે આ અંગે યુનિવર્સિટી તાત્કાલિક પણે છાત્રસંઘની ચૂંટણીની તારીખની ઘોષણા કરે એવી માંગ કરી છે. જો એમ ન થાય તો આગામી દિવસોમાં આ બાબતે એબીવીપી દ્વારા યુનિવર્સિટી ખાતે આંદોલન કરાશે એવી ચિમકી પણ અપાઈ હતી.

### વલસાડ સરકારી ઈજનેરી કોલેજમાં કાર્યક્રમ યોજાયો

વલસાડ: વલસાડની ઈજનેરી સરકારી કોલેજમાં એસએસઆઇપી અંતર્ગત આઇપીઆર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ઈજનેરી કોલેજમાં વિવિધ વિભાગના મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવતા ઇનોવેટિવ પ્રોજેક્ટસને પ્રોત્સાહન આપવા સંસ્થાના એસએસઆઇપી સેલ દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમોનું વખતો વખત આયોજન થતું રહે છે. વિદ્યાર્થીઓના પ્રોજેકટસને પેટંટ અને સ્ટાર્ટઅપ લેવલ સુધી લઈ જવા માટે એસએસઆઇપી દ્વારા આર્થિક મદદ પૂરી પાડવાનું તેમજ તેને યોગ્ય માર્ગદર્શન કરવાનું કાર્ય સંસ્થાના એસએસઆઇપી સેલ દ્વારા કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં સારાઓગી દ્વારા પેટંટ એન્ડ ટ્રેડમાર્ક એટોનિસના ડાયરેક્ટર ડો. અનિલ સારાઓગી દ્વારા બેસિકસ ઓફ ઇંટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટસ ઉપર વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. કાર્યક્રમના બીજા ભાગમાં આઇ-હબ ના આત્રપ્રીનીયોરસીપ પર વ્યાખાયન આપવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રીય કક્ષાએ નવસારી જિલ્લાનું પ્રતિનિધત્વ કરતા ચીખલીના શિક્ષક યોગેશ ગોરાને



સુરત. ભારતીય સંસ્કૃતિ અને વારસાને સાચવવા માટે તેમજ સાંસ્કૃતિક વિકાસ માટે ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના નેજા હેઠળ કાર્ય કરતી સંસ્થા સેન્ટર ફોર કલ્ચરલ રિસોર્સ એન્ડ ટ્રેનિંગ (CCRT), ન્યૂ દિલ્હી દ્વારા તા. 02/09/19 થી 07/09/2019 સુધી સાંસ્કૃતિક વિકાસ અને પ્રશિક્ષણ સંબંધી એક વર્કશોપનુ આયોજન CCRTના પ્રાદેશિક કેન્દ્ર ઉદયપુર ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ માટે સમગ્ર દેશમાંથી પસંદગી પામેલા 50 જેટલા શિક્ષકોને આમંત્રિત કરાયા હતા. ''એન ઈન્ટ્રીગેટ એપ્રોચ ટુ એજ્યુકેશન વિષય ઉપર રાખવામાં આવેલા આ સેમિનારમાં સમગ્ર ગુજરાતમાંથી માત્ર 15 શિક્ષકોની પસંદગી થઈ હતી. તેમાં પણ સમગ્ર નવસારી જિલ્લામાંથી માત્ર એક જ શિક્ષક શ્રી ડી.ઈ. ઈટાલિયા સાર્વજનિક હાઈસ્કૂલ, ચીખલીના સંસ્કૃત વિષયના શિક્ષક યોગેશ ગોરાનેની પસંદગી થઈ હતી. જેમાં ભારતના 13 રાજ્યોમાં શિક્ષકોએ ભાગ લીધો હતો. આ સેમિનારમાં નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતાં યોગેશ ગોરાનેએ પણ તજજ્ઞો સમક્ષ વિવિધ વિચારો રજૂ કર્યા હતા. જેને આમંત્રિત મહેમાનો અને શિક્ષકોએ ખૂબ જ વખાણ્યા હતા. યોગેશ ગોરાનેને ઈટાલીયા હાઈસ્કૂલના શાળા સંચાલક મંડળના પ્રમુખ ચેતનભાઈ દેસાઈ અને મંત્રી નીલકંઠભાઈ દેસાઈ તથા ઈન્ચાર્જ આચાર્ય સુરેશભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા છે.

### વાપીના વટારમાં કોમ્પ્રેસર ટ્રેક્ટર ખીણમાં પલટી જતાં ચાલકનું મોત

સુરતઃ મૂળ કપરાડા તાલુકાના વતની અને હાલ વાપી નજીકના વટાર ગામે શિવ સ્ટોનમાં વિપુલ નિવાન્તુ ગુટિયા ટ્રેક્ટરના ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ગત તારીખ 29-8-19 ના રોજ રાબેતા મુજબ તેઓ શિવ સ્ટોનમાં કોમ્પ્રેસર ટ્રેક્ટર ઉપર ડ્રાઈવીંગ કરી રહ્યો હતો. તે ખીણમાંથી ટ્રેક્ટર લઈને ચડી રહ્યો હતો અને પૂરઝડપે હંકારી વળાંક પાસે પહોંચ્યો હતો. જ્યાં અકસ્માતે ટ્રેક્ટર પલટી મારી પાણીમાં પડ્યું હતું. જેમાં ચાલક વિપુલ ટ્રેક્ટર નીચે દબાઈ ગયો હતો. તેને તરત જ સારવાર માટે દમણની મરવડ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં તેનું મોત નિપજ્યું હતું. આ બનાવની જાણ માતા રેશ્માબેન નિવાન્તુ ગુટીયાએ વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી.

### ગણદેવી પીપલ્સ બેન્કને સ્કોબાનો એવોર્ડ મળ્યો




આર.ટી.પટેલ

ધનોરીનાકા (ગણદેવી) : ધી ગણદેવી પીપલ્સ કો-ઓપરેટિવ બેન્કને વર્ષ-2018 19ના વર્ષનો બેસ્ટ કામગીરી માટેનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ એવોર્ડ સાઉથ ગુજરાત કો-ઓપરેટિવ બેંક એસોસીએશન લિમિટેડ સ્કોબા દ્વારા સંસ્થાની વાર્ષિક મીટિંગમાં આપવામાં આવ્યો છે. પીપલ્સ બેંકના ચેરમેન પ્રજ્ઞેશ પટેલ, વાઇસ ચેરમેન જ્યોતિબેન દેસાઈ, સેક્રેટરી ગોપાલભાઈ ગોહિલ અને જનરલ મેનેજર હિમાંશુ વૈદ્યએ સિક્કિમ ખાતે મળેલી સભામાં હાજર રહી આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકારતાં સભાસદો, કર્મચારીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી. નવસારી જિલ્લામાં આ એકમાત્ર સહકારી બેન્ક છે જે પારદરસી અને પ્રમાણિક વહીવટ માટે જાણીતી છે.

### ચીખલીના ફડવેલના ભાજપ અગ્રણીનું હૃદયરોગના હુમલાથી નિધન



ઘેજ: ચીખલી તાલુકાના ફડવેલ ગામના ભાજપ અગ્રણી જીતુભાઇ પટેલનું હૃદયરોગના હુમલામાં ૪૩ વર્ષની વયે નિધન થતાં સમગ્ર વિસ્તાર અને ભાજપ પરિવારમાં શોકની લાગણી ફેલાઇ હતી. ફડવેલના જીતુભાઇ શુકકરભાઇ પટેલને મળસ્કે ત્રણેક વાગ્યાના અરસામાં અચાનક હૃદયરોગનો હુમલો આવતા હોસ્પિટલ ખસેડાયા હતા. પરંતુ ત્યાં તેમનું મોત નીપજ્યું હતું. જે અંગેના સમાચાર વાયુવેગે પ્રસરતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઇ ગઈ હતી. જીતુભાઇ ફડવેલ ગામમાં સરપંચ પદે બે ટર્મ રહ્યા હતા. આ ઉપરાંત તેઓ ફડવેલ ગામની સહકારી મંડળીના ચેરમેન પદે પણ રહ્યા હતા. હાલે તેઓ બે ટર્મથી એપીએમસીના ડિરેક્ટર પદે કાર્યરત હતા. તેમની અંતિમયાત્રામાં ભાજપ આગેવાનો અને આ વિસ્તારના લોકો મોટી સંખ્યામાં જોડયા હતા.

## 7-12 ની નકલમાં પાડેલી ગેરકાયદે એન્ટ્રીઓ રદ કરવાની ખેડૂતોની રજૂઆત

# બુલેટ ટ્રેન : જમીન સંપાદનની એન્ટ્રી રદ કરવા ખેડૂતોની માંગ

**ખેડૂતો સરકાર** સામે લડી લેવાના મૂડમાં, આવેદનપત્ર આપ્યું

**નવસારી** જિલ્લાના ૨૮ ગામોના જમીન ગુમાવનાર ખેડૂતો લડતની તૈયારીમાં

ધનોરીનાકા (ગણદેવી) : નેશનલ હાઈસ્પીડ રેલ્વે કોર્પોરેશન લિમિટેડ દ્વારા જમીન સંપાદન માટે ખેડૂતોને જાહેર સૂચના આપી ફરજિયાત અને મરજિયાત જમીન સંપાદનની વિગતો આપી જમીનના વળતરમાં ભેદભાવની નીતિ દર્શાવતા નવસારી જિલ્લાના ૨૮ ગામોના ખેડૂતોની જમીન બુલેટ ટ્રેન માટે સંપાદિત થવાની છે. તેઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. બુધવારે નવસારી પ્રાંત અધિકારીની કચેરી ખાતે મોટી સંખ્યામાં નવસારી જિલ્લાના બુલેટ ટ્રેન અસરગ્રસ્ત ખેડૂતોએ એકત્ર થઈ પ્રાંત અધિકારી અને કલેકટરની કચેરીને ૭-12 ની નકલમાં ગેરકાયદે જમીન સંપાદનની પાડેલી એન્ટ્રીઓનો વિરોધ કરી આ તમામ એન્ટ્રીઓ રદ કરવાની માંગણી આવેદનપત્રમાં કરી છે. આવેદનપત્ર આપવા એકત્રિત થયેલા ખેડૂતો મોટી સંખ્યામાં પ્રાંત અધિકારીની કચેરી અને કલેક્ટર કચેરીમાં ગયા હતા. પણ પ્રાંત અધિકારી અને કલેક્ટર ગેરહાજર હોવાથી અન્ય જવાબદાર અધિકારીઓને ખેડૂતોએ આવેદનપત્રો આપ્યા હતા.

આવેદનપત્ર આપવા આવેલા ખેડૂતોએ ભારે સૂત્રોચ્ચાર કરી જાન દેંગે જમીન નહીં ના નારા લગાવી ખેડૂતોએ એકતા બતાવી હતી. ખેડુતોની સાથે નવસારીના સી.પી.નાયક, સિદ્ધાર્થ દેસાઈ, હિતેન્દ્ર દેસાઈ, સુનીલ નાયક, ધર્મેશ પટેલ, ધીરુભાઈ આહીર, સુરેખાબેન પટેલ, ફાલ્ગુનીબેન પટેલ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

### સરકારે ખોટી રીતે 7-12ની નકલમાં સંપાદનની એન્ટ્રીઓ પાડી દીધી

સરકારે જિલ્લાના નવસારી અને ગણદેવી તાલુકામાં ખેડૂતોની માલિકીની જમીનમાં ખોટી રીતે 28-8-2019ના રોજ 135 ડી મુજબ 7-12ની નકલમાં જમીન સંપાદનની એન્ટ્રીઓ પાડી દીધી છે. તેનો અસરગ્રસ્ત ખેડૂતોએ વિરોધ કર્યો છે. કાયદાકીય જોગવાઈ મુજબ ખેડૂતોની સંમતિથી તેમજ જમીનના વળતરના નાણાં ચૂકવાઈ ખેડૂતો તેનો સ્વીકાર કરે પછી નકલમાં સંપાદિત જમીન અંગેની એન્ટ્રી પાડવાની હોય છે.

#### ખેડૂતોને પત્ર દ્વારા સરકારની ધમકી જ છે

સરકાર દ્વારા ખેડૂતોને સમજાવતો એક પત્ર પણ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં જમીન સંપાદન બે રીતે થઈ શકે એની માહિતી આપવામાં આવી છે અને સંમતિથી વળતર લેવામાં ખેડૂતોનો ફાયદો હોવાનું જવાનવામાં આવ્યું છે. જ્યારે અન્ય રીતે સંપાદન કરવામાં ફક્ત જંત્રી અનુસાર જ વળતર મળે એવી વાત કરી છે, જે એક રીતે ખેડૂતોને પત્ર દ્વારા સરકારની ધમકી જ છે.
**- સિદ્ધાર્થ દેસાઈ, ખેડૂત, આમડપોર ગામ**

#### ખેડૂતોની વાત સરકારમાં પહોંચાડીશું

જમીન સંપાદન ભારત સરકારના લેન્ડ એકવિઝન કાયદા હેઠળ જ કરવામાં આવે છે. એ કાયદાને ધ્યાને રાખીને જ સંપાદનની પ્રક્રિયા થાય છે અને જમીનમાં જે નોંધ પાડવાની હોય એની કામગીરી થતી હોય છે. છતા ખેડૂતોની રજૂઆતો આવી છે અને આવેદન સ્વિકાર્યું છે. જેને સરકારના માધ્યમ તરીકે જિલ્લા કલેક્ટર મારફતે સરકારમાં પહોંચાડીશું.
**- વી. કે. સાંબડ, પ્રાંત અધિકારી, નવસારી**



# વલસાડ પાલિકાની લાચારી: કચરો ઠાલવવા જગ્યા નહીં મળતાં કચેરીમાં ટ્રેક્ટરોનો ખડકલો

**શહેરનો કચરો** ડમ્પિંગ સાઈડ પર વધતાં પાલિકાનાં ટ્રેક્ટરો કચરો ભરી પાલિકા પરિસરમાં પાર્ક કરાયાં

વલસાડ : સ્વચ્છતા માટે સરકાર કરોડોની યોજના બહાર પાડી રહી છે. ત્યારે વલસાડ પાલિકા દ્વારા રોજનો કચરો ડમ્પિંગ સાઈડ પર ઠલવાય છે, પરંતુ ભારે વરસાદના કારણે ડમ્પીંગ સાઈડ પર કચરો વધી જતાં પાલિકા મુશ્કેલીમાં મુકાઇ ગઈ છે. બુધવારે વલસાડ પાલિકાના રોજમદારો 20 થી વધુ ટ્રેક્ટર કચરો ભરી પાલિકાના પરિસરમાં પાર્ક કરી દીધા હતા. ડમ્પીંગ સાઈડ પર કચરો વધી જતાં ઠાલવવા માટે ત્યાં જગ્યા ન હોવાથી આખાય નગરમાંથી કચરો ભરીને આવેલા ટ્રેક્ટરો પરિસરમાં જ પાર્ક કરી દેવાયા હતા.

#### બે-ત્રણ દિવસમાં સમસ્યાનો ઉકેલ આવી જશે: પાલિકા પ્રમુખ

આ અંગે પાલિકા પ્રમુખ પંકજ આહિરે જણાવ્યું હતું કે, હાલ વરસાદ જે રીતે પડી રહ્યો છે, તેના લીધે ડમ્પીંગ સાઈડ પર કચરો વધી ગયો છે. વલસાડમાંથી રોજિંદા નીકળતા અંદાજિત 35 ટન કચરાના નિકાલ માટે પાલિકા પાસે ફક્ત કૈલાસરોડ, ઔરંગા નદી કિનારે એક જ રસ્તો છે. જેનો કોઈ વિકલ્પ નથી. જેના લીધે આ મુસીબત ઊભી થઇ છે. અને બે ત્રણ દિવસની અંદર આ સમસ્યાનો ઉકેલ આવી જશે.

### વલસાડમાં પીયુસી માટે લાઈન...



■ રાજ્ય સરકાર દ્વારા ટ્રાફિકના નવા નિયમ અનુસાર દંડ લેવાની જાહેરાત કર્યા બાદ દંડથી બચવા માટે વલસાડના એસટી ડેપોની સામે પીયુસી લેવા માટે વાહન ચાલકોની લાંભી લાઇન લાગી હતી.

# બલીઠામાં ચાર બુકાનીધારીઓએ બેને ફટકારી લૂંટી લીધા

**વાપીનો અજય** ઉપાધ્યાય અને શુભનાથસિંગ મિત્ર સાથે પરત ફરતો હતો

**બાઇક ઉપર** આવેલા લુંટારુઓએ રોકડ સહિત મોબાઈલ લૂંટી લેતાં ફરિયાદ

સુરતઃ વાપી ને.હા.નં.48 જલારામ મંદિર પાછળ, જ્યોત એપાર્ટમેન્ટમાં અજયકુમાર અમરનાથ ઉપાધ્યાય પરિવાર સાથે રહે છે અને તેઓ મોરાઈની વેલસ્પન કંપનીમાં નોકરી કરે છે. રાબેતા મુજબ તેઓ ગત તારીખ 5-9-19 ના રોજ નોકરી ઉપર બાઈક નં. જીજે-12 સીએન-5163 લઈને ગયા હતા. જે બાદ નોકરી પતાવી મિત્ર શુભનાથસિંગ સાથે એક જ બાઈક પર રાત્રિના નવેક વાગ્યાની આસપાસ ઘરે આવી રહ્યા હતાં. બલીઠા નહેરથી આગળ ભેંસના તબેલાથી દૂર બાઈક લઈને પહોંચ્યા ત્યારે માર્ગની બંને બાજુ ચાર જેટલા બુકાનીધારી ઈસમો ઊભેલા નજરે પડ્યા હતા. જેઓને જોતાં તરત જ બચવા માટે બાઈક ફેરવીને ભાગતા હતા. ત્યારે જ તેઓ બાઈક સાથે નીચે પડી ગયા હતા અને ચાર જેટલા ઈસમો આવી પહોંચી બંનેને લાકડાં અને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો અને બંનેના ખિસ્સામાંથી રોકડા 510 અને 650 તથા બે મોબાઈલ ફોન, એટીએમ-ક્રેડિટ કાર્ડ, પાનકાર્ડ સહિતની લૂંટ કરી બાઈક પર બેસી ફરાર થઈ ગયા હતા. જે બનાવની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં અજયકુમાર ઉપાધ્યાયે કરી હતી.



ધર્મેશ પટેલ

# દ.ગુ.માં વરસાદનું જોર ઘટ્યું: ચીખલી તાલુકામાં દોઢ ઈંચ પાણી પડ્યું

**પારડીમાં 15** દિવસથી મેઘરાજાની સતત બેટિંગ, લોકો ત્રાહિમામ

**વલસાડ જિલ્લામાં** મેઘરાજાની મહેરથી ખેડૂતોમાં હરખ

નવસારી, ઘેજ, વલસાડ, પારડી : નવસારી અને ઉપરવાસના ડાંગ જિલ્લામાં ગત બે દિવસોથી પડી રહેલા ભારે વરસાદને પગલે નવસારી જિલ્લો પાણી પાણી થયો છે. જેના પગલે શહેરના રસ્તાઓ પર પાણી ભરવા સાથે ખાડી કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં પણ લોકોના ઘરોમાં પાણી ભરાયાં હતાં. જો કે, બુધવારે વરસાદનું જોર ઘટતાં લોકોએ રાહત અનુભવી હતી. સાથે જ નદીના જળ સ્તરમાં ઘટાડો થતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. ચીખલી તાલુકામાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો.

નવસારી અને ડાંગ જિલ્લામાં પડી રહેલા અવિરત વરસાદને પગલે નવસારી જિલ્લાની લોકમાતાઓ બંને કાંઠે વહેતી થઈ છે. જ્યારે ભારે વરસાદને પગલે રસ્તાઓ પર પાણી ભરાવા સાથે જ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં લોકોના ઘરોમાં પણ પાણી ભરાયા હતા. નવસારીના કેટલાક વિસ્તારોમાં ખાડીનાં પાણી ઘૂંટણસમા ભરાતા લોકોએ પોતાના સામાનને સુરક્ષિત કરવા સાથે જ કેટલાક લોકોએ સુરક્ષિત સ્થળોએ ખસી જવું પડ્યું હતું. ભારે વરસાદને પગલે રસ્તાઓ પર ભરાયેલા પાણીને કારણે વાહન ચાલકોએ મુશ્કેલી વેઠવી પડી હતી.

નવસારી જિલ્લામાં ગત મંગળવારે સાંજે 6 વાગ્યેથી બુધવારે સાંજે 6 વાગ્યે સુધી 24 કલાકમાં, ચીખલી તાલુકામાં 35 મિમી (1.4 ઈંચ), ગણદેવી અને ખેરગામ તાલુકામાં 23 મિમી (0.9 ઈંચ), વાંસદા તાલુકામાં 22 મિમી (0.9 ઈંચ), જલાલપોર તાલુકામાં 18 મિમી (0.7 ઈંચ) અને નવસારી તાલુકામાં 9 મિ.મી. (0.3 ઈંચ) વરસાદ વરસ્યો હતો.વલસાડ જિલ્લામાં છેલ્લા એકાદ અઠવાડિયાથી વરસાદે અવિરત બેટિંગ ચાલુ રાખી છે. બુધવારે 24 કલાક પૂરા થતાં વાપીમાં 1.56 ઈંચ, વલસાડમાં 1.48 ઈંચ, પારડીમાં 1.08 ઈંચ, કપરાડામાં 1.08 ઈંચ, ઉમરગામમાં 18 મીમી અને ધરમપુરમાં 11 મીમી વરસાદ વરસ્યો હતો. પારડી તાલુકામાં 15 દિવસથી અવિરત વરસાદ પડી રહ્યો છે. જે બંધ થવાનું નામ ન લેતા લોકો હવે પરેશાન થઈ રહ્યા છે. પારડી પંથકમાં બુધવારે સવારે વરસાદે વિરામ લીધા બાદ ફરી સાંજે રાબેતા મુજબ વરસાદ ચાલુ થયો હતો. સતત બે કલાકથી પણ વધુ સમય સુધી ભારે વરસાદ પડતાં રસ્તા પર પાણી પાણી થઈ ગયું હતું. પારડીનું ઐતિહાસિક તળાવ પણ ફરી ભરાઈ ગયુ હતું. હવે વરસાદ વિરામ લે એવી આશા લોકો વ્યક્ત કરી રહ્યા છે. પારડી પંથકમાં છેલ્લા 15 દિવસથી મેઘરાજાની સતત બેટિંગથી હવે લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

# વાપીના ગુંજનની દુકાનમાં ભીષણ આગ, અન્ય દુકાન પણ ચપેટે

સુરતઃ વાપી ગુંજનમાં મંગળવારની મોડી રાત્રે આશરે સાડા નવેક વાગ્યાની આસપાસ ગુંજન શોપિંગમાં આવેલા ગુંજન ટાઈમ્સ પ્રા.લિ.ની દુકાનમાં આગ ફાટી નીકળી હતી. આગ લાગતાં બાજુમાં આવેલી અન્ય એક દુકાન પણ આગની ચપેટમાં આવી ગઈ હતી. આગ લાગતા આ વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી અને લોકટોળુ ભેગું થઈ ગયું હતું. બનાવની જાણ ફાયર વિભાગને કરાતા ઘટના સ્થળે જીઆઈડીસી યુનિટ-1 અને પાલિકા ફાયર વિભાગની ટીમ આવી પહોંચી હતી અને આશરે બે કલાકની જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. હાલ તો શોર્ટસર્કિટથી આગ લાગી હોવાનું તારણ કાઢવામાં આવી રહ્યું છે. આગને પગલે કેટલું નુકસાન થયું તેનો ચોક્કસ આંકડો જાણી શકાયો નથી.

### ધરમપુરમાં ઘરઆંગણે પાર્ક કરેલી બાઇકો પણ હવે સલામત નથી

ધરમપુરઃ ધરમપુરના માલનપાડા દશેરાપાટી ફળિયાના અલ્પેશ હીરાભ સોલંકી ધરમપુર પાલિકામાં સફાઈ કામદાર તરીકે નોકરી કરી ગુજરાન ચલાવે છે. ગત તા. ૨૮/૮/૨૦૧૯ના રોજ અલ્પેશ નોકરી પરથી સાંજના આઠ વાગ્યે ઘરે આવી તેની મોટર સાયકલ નં.જીજે૧૫/એઆર/૭૮૨૫ને ઘરની બાજુમાં પાર્ક કરી ઘરમાં સુઈ ગયા હતા. વહેલી સવારે ચાર વાગ્યે ઉઠેલા અલ્પેશને મોટરસાયકલ જોવા નહીં મળતા આજુબાજુમાં તપાસ કરતા બાઈક મળી ન હતી. તપાસ બાદ બાઈક ચોરી થઈ હોવાનું જણાતા અલ્પેશે આશરે રૂ.૪૫,૦૦૦ની બાઈક કોઈ ચોર ઇસમ ડુપ્લીકેટ ચાવી વડે સ્ટીયરિંગ લોક ખોલી ચાલુ કરી ચોરી કરી લઈ ગયો હોવાની ફરિયાદ ધરમપુર પોલીસ મથકે નોંધાવી હતી.

# વાપીના અમીધારા કોમ્પ્લેક્સમાં પાર્કિંગ મુદ્દે મારામારી કરનારા ચાર ઝડપાયા

**ક્રેઈન ગટર** ઉપર પાર્ક કરવા મુદ્દે માથાકૂટ થઈ હતી

**સંજય અને** તેના મિત્ર શૈલેશને લાકડાં અને લોખંડના પાઈપ વડે ફટકારાતાં હાલત ગંભીર

**અટકાયત** કરાયેલા ચારેય ઈસમોને કોર્ટમાં રજૂ કરાયા

સુરતઃ વાપી ને.હા. નં.48 નજીકના અમીધારા કોમ્પ્લેક્સમાં પાર્કિંગના મુદ્દે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસથી મળતી વિગત અનુસાર વાપીના ગોકુળ વિહાર, શુભમ એપાર્ટમેન્ટમાં સંજય ભાનુ ભૂત (ઉં.આ.43) પરિવાર સાથે રહે છે. 9 મી સપ્ટેમ્બરના રોજ સાંજે આશરે સાડા પાંચેક વાગ્યાની આસપાસ હાઈવે નજીકના અમીધારા કોમ્પલેકસમાં આવેલી દુકાને ગયા હતાં. ત્યાં આગળ બે ઈસમ ક્રેઈન ગટર ઉપર પાર્કિંગ કરી રહ્યા હતા ત્યારે તેઓએ ક્રેઈન પાર્ક કરવાની ના પાડી હતી. જેને લઈ સામાવાળા પ્રવીણ અયોધ્યાપ્રસાદ યાદવ, દીપક અયોધ્યાપ્રસાદ યાદવ, ભીપાઈ આર.યાદવ અને વિનોદ વર્માએ ઝઘડો શરૂ કર્યો હતો. જે બાદ સામાવાળાઓએ સંજય અને તેના મિત્ર શૈલેષને લાકડાં અને લોખંડના પાઈપ વડે માર મારી ગંભીર ઈજા પહોંચાડી ભાગી છૂટ્યા હતા. જે બાદ ઈજાગ્રસ્તોને સારવાર માટે વાપીની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જે બનાવની ફરિયાદ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં સંજય ભૂતે કરી હતી. જે બાદ પોલીસે ગણતરીના કલાકોમાં જ મારામારી કરનારા ચારેય ઈસમોની અટક કરી વાપી કોર્ટમાં રજૂ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વલસાડ જિ. પં.ના આઈસીડીએસના 2.5 કરોડના ફર્નિચર કૌભાંડની તપાસ કરાશે

**જિલ્લા પંચાયતના** નવા ડીડીઓએ કારભાર સંભાળ્યો

વલસાડ : વલસાડ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈની બદલી બાદ નવા જિલ્લા વિકાસ અધિકારી તરીકે અર્પિત સાગરની નિમણૂંક કરાઈ હતી, જેમણે પોતાનો વિધીવત ચાર્જ સંભાળી લીધો છે. નોંધનીય છે કે અગાઉ જિલ્લા પંચાયતમાં ડીડીઓ તરીકે મહિલા અધિકારી શાહમીના હુસેન બાદ ફરી મહિલા અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના 79 સનદી અધિકારીઓની રાજ્ય વ્યાપી બદલીઓ કરવામાં આવી હતી. જેમાં વલસાડના ડીડીઓ દેવાંગ દેસાઈની બદલી થઈ હતી. તેમના સ્થાને ખેડા જિલ્લાના ઠાસરાના મહિલા આસિસ્ટન્ટ કલેકટર અર્પિત સાગરની વલસાડના નવા ડીડીઓ તરીકે નિમણૂંક કરાઈ હતી. તેમણે ગુજરાતમિત્ર સાથેની વિશેષ વાતચીતમાં જણાવ્યું કે જિલ્લા પંચાયતના આઈસીડીએસ વિભાગના બહુચર્ચિત 2.5 કરોડના ફર્નિચર કૌભાંડની વિસ્તૃત તપાસ કરાશે. ઉપરાંત કપરાડા તાલુકામાં સુથારપાડા અને મનાલા પીએચસી નજીક બોગસ તબીબો દ્વારા કરાતી પ્રેક્ટિસ તેમજ સરકારી શાળાઓમાં શિક્ષકોની અનિયમિતતા સહિતના મુદ્દે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરાશે.